# અઘરુ કામ

ફ્રાન્સના ઉત્તર ભાગમા આવેલા એક શહેરમા રહેતો એક યુવાન મારા (માતાજી)ના પરિચયમા આવ્યો હતો. તે ઘણો જ સરળ અને નિખાલસ મનનો હતો, પરતુ તેનુ હૃદય બહુ જ આવેશ પ્રધાન હતુ. કોઈપણ ક્ષણે તે ગુસ્સે થવાને તૈયાર રહેતો.!

એક દિવસ મે (માતાજીએ) એને કહ્યુ, ''તુ એક વાતનો જવાબ મને વિચાર કરીને આપીશ ? તારા જેવા જોરાવર જુવાન માણસ માટે કયુ કામ અઘરુ ગણાય ? ધારો કે, તારો એક મિત્ર તને આવીને મારી જાય તો તેના બદલામા એના મો પર મુક્કી લગાવી દેવી એ તને અઘરુ કામ લાગે કે તારી મુક્કીને ખિસ્સામા નાખી દેવી એ તને અઘરુ લાગે ?''

''મારી મુક્કીને ખિસ્સામા નાખી દેવી એ.'' તેણે જવાબ આપ્યો.

''તો હવે કહે કે તારા જેવા ઉત્તમ અને હિમતવાન યુવકે સહેલ કામ હોય તે કરવુ જોઈએ કે અઘરુ હોય તે કરવુ જોઈએ ?''

એક મિનિટ તે વિચારમા પડી ગયો અને પછી બોલ્યો, ''જે અઘરુ હોય તે જ !''



''તો હવે ભવિષ્યમા કોઈ પ્રસગ આવે ત્યારે અઘરુ કામ હોય તે જ કરવાનો પ્રયત્ન કરજે.''

થોડા દિવસ પછી તે યુવક મારી પાસે આવ્યો અને સાચા અભિમાનપૂર્વક એણે મને કહ્યુ કે તે પેલ '' અઘરુ કામ'' કરવામા સફળ થયો છે. પોતાની વાત કહેતા તે બોલ્યો. '' અમારા કારખાનામા મારો એક મિત્ર છે. એનો સ્વાભાવ બહુ જ ખરાબ છે. એક દિવસ ગુસ્સામા આવીને તેણે મને મારી દીધુ. એને ખબર હતી કે હુ સામાન્ય રીતે કોઈને માફ કરતો નથી. હુ ખૂબ જ જોરાવર છુ એ પણ એ જાણતો હતો. એટલે મને મારી દીધા પછી એ પોતાના બચાવ માટે તૈયાર થઈ ગયો. એ જ વખતે મને આપે કરેલી વાત યાદ આવી. તરત જ આપે કહ્યા પ્રમાણે વર્તન કરવા મે વિચાર

કર્યો. પણ મે ધાર્યા કરતા પણ ઘણુ વધારે કઠણ દેખાવા લાગ્યુ. તો પણ મે તો મારી મુક્કીને ખિસ્સામા નાખી દીધી અને હુ અ કરી શક્યો કે તરત જ મે જોયુ કે એટલામા તો મારો ગુસ્સો ક્યાય ચાલ્યો ગયો હતો અને ઊલટુ મને પેલા મિત્ર તરફ દયા આવવા લાગી હતી. એના તરફ મે હાથ લબાવ્યો. એ જોઈને પેલાને ખૂબ જ આશ્ચર્ય થયુ. ઘડીભર તો એ મો ફાડીને મૂગો જોઈ જ રહ્યો અને પછી એકદમ ધસીને તેણે મારો હાથ પકડી લીધો અને ખૂબ જોરથી દબાવ્યો, અને ગળગળા સાદે તે બોલ્યો, ''તારે મને જે કરવુ હોય તે કરી શકે છે. હુ હવે હમેશા તારો મિત્ર જ રહીશ.!''

– શ્રીમાતાજી

– સુદર કથાઓ(અરવિદ આશ્રમ, પોડિચેરી)

■